# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

## (ધોરણ-6 પ્રવેશ પરીક્ષા માટે) પર્યાવરણ પ્રશ્નબેંક

1. અમદાવાદ શહેરના બાળકો શાળાએ કેવી રીતે જતા હશે ?

(A) ચાલીને, રીક્ષા, સ્કૂલબસ, સાઇકલ, કાર
(C) ચાલતા, ડુંગર ઓળંગીને, રોપ-વે, વિમાન
(B) હોડી, ઊંટગાડી, બસ, ચાલીને
(D) તરાપો, સ્કૂટર, બસ, ઘોડાગાડી

2. શાળાએ જતાં રસ્તામાં નદી આવતી હોય તો તમે કેવી રીતે સ્કૂલમાં જશો?

(A) હોડી કે તપારામાં બેસીને અથવા નદી પરના પુલ ઉપરથી
(B) બસ, રીક્ષા કે સ્કૂટરમાં બેસીને
(C) સાઈકલ ઉપર કે દોરડું પકડીને
(D) સ્કૂલબસ કે કારમાં બેસીને

3. રીયાની શાળા તેના ઘરથી જમીન માર્ગે 2 કિમી દૂર છે. તો રીયા સ્કૂલ જવા માટે શેનો ઉપયોગ કરતી હશે?

(A) હોડી
(C) તરાપો
(B) રોપ-વે
(D) રીક્ષા

4. ધોરણ 6 માં અભ્યાસ કરતો રોહન અપંગ છે અને તેનું ઘર સ્કૂલની બાજુમાં જ છે. તો તે કેવી રીતે સ્કૂલે જશે ?

(A) ચાલીને
(C) ઘોડાગાડી
(B) વ્હીલચેર
(D) સ્કૂલબસ

5. રણપ્રદેશમાં મુસાફરી કરવા માટે કયા પ્રાણીનો ઉપયોગ થાય છે?

(A) ગધેડું
(C) હાથી
(B) ઊંટ
(D) ઘોડો

6. કયા વિસ્તારનાં બાળકો સ્કૂલમાં જવા ઊંટગાડીનો ઉપયોગ કરતાં હશે?

(A) શહેરી વિસ્તારનાં બાળકો
(C) રણ વિસ્તારનાં બાળકો
(B) ડુંગરાળ વિસ્તારનાં બાળકો
(D) દરિયા કિનારાનાં બાળકો

7. અંબાજીમાં આવેલા ગબ્બર ડુંગરની ટોચ પર આવેલા મંદિર સુધી ઝડપી પહોંચવા માટે કઈ વ્યવસ્થા કરવામાં આવી છે?

(A) ઊંચકીને લઇ જવાની
(C) દોરડાં પકડીને ચડવાની
(B) હેલિકોપ્ટરની
<u>(D) ઉડન-ખટોલા (રોપ-વે)ની</u>

8. જો નદી પર પુલ ન હોય તો તમે સામે કિનારે જવા શાનો ઉપયોગ કરશો?

(A) બસ
(C) સાઇકલ
<u>(B) તરાપો</u>
(D) રીક્ષા

9. કયા વિસ્તારનાં બાળકોને સ્કૂલ જતાં રસ્તામાં ગાઢ જંગલ આવતું હશે?

(A) કચ્છના રણ વિસ્તારના
<u>(C) ગીરના જંગલ વિસ્તારનાં</u>
(B) દ્વારકાના દરિયાઇ વિસ્તારનાં
(D) મધ્ય ગુજરાતના મેદાની વિસ્તારનાં

10. કયા વિસ્તારનાં બાળકો સ્કૂલમાં જવા માટે હોડી કે તરાપાનો ઉપયોગ કરતાં હશે?

(A) કચ્છના રણ વિસ્તારનાં
<u>(C) બેટ-દ્વારકા વિસ્તારનાં</u>
(B) અરવલ્લીના ડુંગરાળ વિસ્તારનાં
(D) ગીરના જંગલ વિસ્તારનાં

11. ઉડન-ખટોલા (રોપ-વે) કોને કહી શકાય?

(A) પથ્થર અને આડા-અવળા રસ્તા પરથી જવાની પગદંડીને
<u>(B) મજબૂત તારનાં દોરડાં પર લટકાવેલી ટ્રોલીમાં બેસીને મુસાફરી કરી શકાય તેને.</u>
(C) નદી કે ખીણ વાળા વિસ્તાર પરથી જવા બાંધલા પુલને
(D) તળેટીથી ટોચ સુધી જવા બાંધેલા પગથિયાને

12. પુલ બનાવવા માટે કઈ-કઈ સામગ્રીનો ઉપયોગ થાય છે?

<u>(A) લાકડું, સિમેન્ટ, રેતી, ઇંટો</u>
(C) ચૂનો, લોખંડ, રેતી કપચી
(B) લોખંડ, ઈંટો, કાગળ, પાંદડા
(D) રેતી, ઈંટો, લાકડું, ડામર

13. જંગલમાંથી પસાર થતી વખતે શું કાળજી રાખવી જોઇએ?

(A) વહેતા પાણીમાં ડૂબી ન જવાય તેની
(C) વાહન બંધ ન થઇ જાય તેની
<u>(B) હિંસક પ્રાણી હુમલો ન કરે તેની</u>
(D) ત્રણમાંથી એકપણ નહીં

14. ગુજરાતમાં કયા-કયા સ્થળોએ ઉડન-ખટોલાની વ્યવસ્થા છે ?

(A) અંબાજી, સોમનાથ, તારંગા

(B) પાવાગઢ, તારંગા, ભૂજ

(C) જૂનાગઢ, દ્વારકા, વિરપુર

(D) જૂનાગઢ, અંબાજી, પાવાગઢ

15. ઊંચા ડુંગર પર જવા માટે નીચેનામાંથી કઇ સુવિધા કરવામાં આવે છે?

(A) ઉડન-ખટોલા

(B) સ્કૂટર

(C) બસ

(D) બળદગાડું

16. રણ વિસ્તારમાં મુસાફરી કરવા માટે કયા પ્રાણીનો ઉપયોગ થાય છે?

(A) ઘોડા

(B) હાથી

(C) ઊંટ

(D) બળદ

17. ડુંગર વિસ્તારના રસ્તાઓ કેવા હોય છે?

(A) લાકડાં અને પાંદડા પાથરીને બનાવેલા રસ્તા હોય છે.

(B) પથરાળ, ખાડાવાળા અને આડાઅવળા રસ્તા હોય છે.

(C) પથ્થર અને સિમેન્ટથી બનાવેલા કાચાં રસ્તા હોય છે.

(D) ડામર અને પથ્થરથી બનાવેલા પાકા રસ્તા હોય છે.

18. વ્હીલચેર અને ટ્રાઇસીકલનો ઉપયોગ કેવી વ્યક્તિઓ કરે છે?

(A) મૂકબધિર વ્યક્તિઓ

(B) અંધ વ્યક્તિઓ

(C) બહેરાશવાળી વ્યક્તિઓ

(D) અપંગ વ્યક્તિઓ

19. મોટા ભાગે સ્કૂલ બસ (વાન)નો રંગ કેવો હોય છે?

(A) કાળો

(B) પીળો

(C) વાદળી

(D) લાલ

20. જંગલમાંથી પસાર થતી વખતે કોનો અવાજ સંભળાય છે?


(A) પ્રાણી-પક્ષીઓના

(B) વાહન-માણસોના

(C) માણસ-પક્ષીઓના

(D) જીવજંતુ-વાહનોના

21. જ્યાં તીર દર્શાવેલ છે તે બંને વિગતને આધારે આકૃતિમાં પ્રશ્ન ચિહ્નની જગ્યાએ કયું વાહન આવે તે વિકલ્પોમાંથી શોધો.




(A) રીક્ષા

(B) સાઇકલ

(C) બળદગાડું

(D) મોટર ગાડી

22. ઊડન ખટોલાની ટ્રોલી શેના પર લટકાવવામાં આવે છે?

(A) સૂતરના તારથી બનાવેલા દોરડાં પર લટકાવવામાં આવે છે.

(B) લોખંડના તારના દોરડા પર લટકાવવામાં આવે છે.

(C) તાંબાના તારના દોરડાં પર લટકાવવામાં આવે છે.

(D) શણના તારના દોરડા પર લટકાવવામાં આવે છે.

23. નીચે ચોરસમાં આપેલ વિગતને આધારે તે કયા વાહનની વિશેષતા દર્શાવે છે તે વિકલ્પોમાંથી શોધો.

| | |
|---|---|
| માલસામાનને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા માટે ઉપયોગી છે. | માણસ દ્વારા ચલાવવામાં આવે છે. |
| તેમાં 6 થી 10 પૈડા હોય છે. | ડીઝલનો ઇંધણ તરીકે ઉપયોગ થાય છે. |

(A) બળદગાડું

(B) વિમાન

(C) ટ્રક (ખટારો)

(D) ઈલેકટ્રીક ટ્રેન

24. નીચે ચોરસમાં આપેલ વિગતને આધારે તે કયા વાહનની વિશેષતા દર્શાવે છે તે વિકલ્પોમાંથી શોધો.

| | |
|---|---|
| પાટા ઉપર ચાલે છે. | એક સાથે ઘણાબધાં મુસાફરો મુસાફરી કરી શકે છે. |
| લોખંડના પૈડાં હોય છે. | વીજળીથી ચાલે છે. |

(A) ઉડનખટોલા

(B) ઈલેકટ્રીક ટ્રેન

(C) આગગાડી

(D) ડીઝલ ટ્રેન

25. નીચેનામાંથી કયું પ્રાણી સાંભળી શકતું નથી ?

(A) હાથી

(B) સસલું

(C) સાપ

(D) વાંદરો

26. નીચેનામાંથી કયાં પ્રાણીના કાન જોઈ શકીએ છીએ?

(A) માછલી

(B) બતક

(C) કાગડો

(D) હાથી

27. નીચેનામાંથી કયા પ્રાણીના કાન જોઈ શકાતા નથી?

(A) સાપ

(B) હરણ

(C) કૂતરો

(D) ગાય

28. મેઘાએ પ્રાણી સંગ્રહાલયમાં મોટા કાનવાળું પ્રાણી જોયું તો તે કયું પ્રાણી હશે?

(A) હાથી

(B) ગેંડો

(C) જિરાફ

(D) ભેંસ

29. નીચેનામાંથી કયું પ્રાણી બચ્ચાને જન્મ આપે છે?

(A) બતક

(B) ગાય

(C) કોયલ

(D) કબૂતર

30. નીચેનામાંથી કયા પ્રાણીને પીંછાં હોય છે?

(A) કાચીંડો
(B) દેડકો
<u>(C) મોર</u>
(D) મગર

31. આપણું રાષ્ટ્રીય પ્રાણી કયું છે?

(A) સિંહ
(B) હરણ
<u>(C) વાઘ</u>
(D) ગાય

32. નીચેનામાંથી કયા પ્રાણીઓના જૂથના કાન નાનાં કાણાં સ્વરૂપે હોય છે ?

(A) સાપ-શિયાળ
(B) ખિસકોલી - કૂતરો
<u>(C) મગર - કબૂતર</u>
(D) ગરોળી - વાંદરો

33. કયા પ્રાણીનાં કાન સહુથી મોટા હોય છે?

(A) મોર
<u>(B) હરણ</u>
(C) મગર
(D) વાંદરો

34. નીચેનામાંથી કયા પ્રાણીના કાન પંખા જેવા હોય છે?

(A) ભેંસ
(B) જિબ્રા
<u>(C) હાથી</u>
(D) ગાય

35. તેને ચાંચ છે. તે મારી મુઠ્ઠી કરતાં નાનું છે અને ઘરઆંગણે દાણા ચણવા આવે છે તે પ્રાણી કયું?

(A) કાગડો
<u>(B) ચકલી</u>
(C) સમડી
(D) મોર

36. તે જમીન અને પાણી બંનેમાં રહે છે. તેનું કદ સૂતેલા માણસ જેવડું હોય છે તે પ્રાણી કયું?

(A) કાચબો
(B) દેડકો
(C) કરચલો
<u>(D) મગર</u>

37. તે જંગલમાં રહે છે પણ જંગલનો રાજા નથી. એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદી શકે છે. તે પ્રાણી કયું?

(A) બાજ
(B) ગરૂડ
<u>(C) વાંદરો</u>
(D) સિંહ

38. નીચેનામાંથી કયાં પ્રાણીને શિંગડા હોય છે?

(A) વાઘ
(B) બળદ
(C) ઘોડો
(D) હાથી

39. “કાનને બદલે મીંડું તે મૂકે ઈંડું" - આ વાક્ય કોને લાગું પડશે?

(A) હરણ
(B) કબૂતર
(C) કૂતરો
(D) બિલાડી

40. ગાય માટે કયું વિધાન સાચું નથી?

(A) દૂધ આપે છે.
(B) તે માંસહારી છે.
(C) ઘાસ ખાય છે.
(D) બચ્ચાને જન્મ આપે છે.

41. સિંહ માટે કયું વિધાન સાચું નથી?

(A) ગુજરાતમાં જોવા મળે છે.
(B) માંસાહારી છે.
(C) ઘાસ ખાય છે.
(D) જીભથી પાણી પીએ છે.

42. મોર માટે કયું વિધાન સાચું છે?

(A) રાષ્ટ્રીય પક્ષી છે.
(B) દાણા ખાય છે.
(C) રંગબેરંગી મોટાં પીંછાં હોય છે.
(D) આપેલાં તમામ

43. કયું પ્રાણી જેને પાંખો છે, આકાશમાં ઉડી શકે છે છતાં બચ્ચાંને જન્મ આપે છે?

(A) દરજીડો
(B) ગરૂડ
(C) ખિસકોલી
(D) વાગોળ

44. ચામાચીડિયા માટે નીચેના પૈકી શું સાચું નથી?

(A) તે ઈંડાં મૂકે છે.
(B) તે બચ્ચાને જન્મ આપે છે.
(C) તેને પાંખો હોય છે.
(D) તેને કાન હોય છે.

45. માંસ ખાય છે અને જીભથી પાણી પીએ છે તે પ્રાણીને કેવું પ્રાણી કહેવાય?

(A) પાલતું પ્રાણી
(B) મિશ્રાહારી
(C) માંસાહારી
(D) તૃણાહારી

46. તમે તમારી માતાની માતાને શું કહો છો?

(A) ફોઇ
(C) બા
(B) માસી
<u>(D) નાની</u>

47. હાથીને સૌથી વધુ કયાં રમવું ગમે છે?

(A) રેતીમાં
<u>(C) કાદવ-પાણીમાં</u>
(B) બગીચામાં
(D) ઘરમાં

48. તમે તમારી માતાના ભાઇને શું કહો છો?

(A) કાકા
<u>(C) મામા</u>
(B) દાદા
(D) ભાઈ

49. નીચેનામાંથી કયું જૂથ ખોટું છે?

(A) માછલી-મગર
<u>(C) હરણ-માછલી</u>
(B) કાચબો-બતક
(D) બતક-માછલી

50. નીચેનામાંથી જુદુ પડતું પ્રાણી કયું છે ?

(A) વાઘ
<u>(C) ભેંસ</u>
(B) સિંહ
(D) શિયાળ

51. નીચેનામાંથી સવારી માટે કયું જૂથ યોગ્ય નથી?

(A) હાથી-ઘોડો
(C) ગધેડો-ઊંટ
(B) ઊંટ-ખચ્ચર
<u>(D) હરણ-બળદ</u>

52. નીચેનામાંથી કયાં પ્રાણીઓ હિસંક જૂથનાં છે ?

(A) ગાય-બકરી
<u>(C) વાઘ-સિંહ</u>
(B) ઘોડા-ઊંટ
(D) ભેંસ-ઘેટાં

53. જમીન પરનું સૌથી ઊંચું પ્રાણી કયું છે ?

(A) ગેંડો
(C) હાથી
<u>(B) જિરાફ</u>
(D) બળદ

54. પપ્પાની બહેનને તમે શું કહો છો?

(A) માસી
(C) <u>ફોઈ</u>
(B) કાકી
(D) દાદી

55. હેતાંશને ભવ્યએ કહ્યું કે, "તારાં માસી આવ્યાં છે." તો હેતાંશના ઘરે કોણ આવ્યું હશે?

(A) <u>મમ્મીનાં બહેન</u>
(C) પપ્પાનાં મમ્મી
(B) પપ્પાનાં બહેન
(D) મમ્મીનાં મમ્મી

56. નીચે આપેલાં વૃક્ષોમાંથી કોના ફળમાં બીજ હોતા નથી?

(A) આંબો
(C) સફરજન
(B) <u>કેળ</u>
(D) વડ

57. પ્રાણીઓ જ્યાં નિર્ભયતાથી રહી શકે તે રક્ષિત વિસ્તાર કયા નામથી ઓળખાય છે?

(A) ઉપવન
(C) <u>અભયારણ્ય</u>
(B) જંગલ
(D) બગીચો

58. મારા ફૂલોના રંગનો ઉપયોગ હોળીમાં થાય છે. હું કોણ છું ?

(A) લીમડો
(C) આંબો
(B) <u>કેસૂડો</u>
(D) મોગરો

59. હું રણપ્રદેશમાં થતું વૃક્ષ છું.

(A) <u>ખજૂરી</u>
(C) ચેર
(B) વડ
(D) તાડ

60. નીચેનામાંથી કયો સજીવ ઝાડ પર રહી શકતો નથી ?

(A) વાંદરો
(C) કબૂતર
(B) <u>માછલી</u>
(D) સ્લોથ

61. નીચેનામાંથી કયું પીણું વનસ્પતિ જન્ય નથી?

(A) નાળિયેરનું પાણી
(C) મોસંબીનો રસ
(B) શેરડીનો રસ
(D) <u>લસ્સી</u>

62. 'વૃક્ષો બચાવો' સાથે જોડાયેલી ઘટના કઈ છે?

(A) ભારત જોડો યાત્રા
(B) ચીપકો આંદોલન
(C) દાંડી યાત્રા
(D) ખિલાફત ચળવળ

63. ખેજડી ગામનું નામ ખેજડી કેમ પડયું હશે?

(A) ખેજડી નામના પ્રાણીઓને કારણે
(B) ખેજડી નામના વૃક્ષોને કારણે
(C) ખેજડી નામના વ્યક્તિને કારણે
(D) ઉપરોક્ત એક પણ નહીં

64. ગુજરાતમાં કયું રણ આવેલું છે?

(A) સુરતનું રણ
(B) પાટણનું રણ
(C) મોરબીનું રણ
(D) કચ્છનું રણ

65. રણપ્રદેશમાં મોટેભાગે કેવા પ્રકારની વનસ્પતિ વધુ થાય છે?

(A) લીલોતરી
(B) કાંટાળી
(C) ફળવાળી
(D) એકપણ નહીં

66. ખેજડી ગામના લોકો આજે કયા નામથી ઓળખાય છે?

(A) ખેજડીયા
(B) વૈષ્ણવ
(C) બિશ્નોઈ
(D) બિનોઈ

67. વૃક્ષો આપણને શું આપે છે?

(A) ફળો
(B) બળતણ
(C) લાકડું
(D) આપેલાં તમામ

68. આરક્ષિત વિસ્તારમાં કોણ નિર્ભય રીતે ફરી શકે છે?

(A) પ્રાણીઓ
(B) પક્ષીઓ
(C) માત્ર (A)
(D) (A) અને (B)

69. ખેજડીના વૃક્ષોની છાલમાંથી શું બનાવવામાં આવે છે?

(A) દવા
(B) રોટલી
(C) પાણી
(D) શાક

70. મધમાખી કયાં મહિનામાં ઈંડાં મૂકે છે?

(A) ઓક્ટોબરથી ડિસેમ્બર
(B) ફેબ્રુઆરીથી માર્ચ
(C) ઓગષ્ટથી ઓક્ટોબર
(D) જૂનથી ઓગષ્ટ

71. નીચેનામાંથી મધમાખી શાનો રસ ચૂસે છે ?

(A) ફૂલનો
(B) થડનો
(C) પાંદડાનો
(D) મૂળનો

72. લીચીનાં વૃક્ષોને કયા મહિનામાં ફૂલ આવે છે?

(A) સપ્ટેમ્બર
(B) ડિસેમ્બર
(C) ફેબ્રુઆરી
(D) મે

73. એક માખી રસવાળા ફૂલ શોધી લે ત્યારે બીજી માખીઓને જણાવવા માટે શું કરે છે?

(A) નૃત્ય કરે છે.
(B) ગીત ગાય છે.
(C) પાંખો ફફડાવે છે.
(D) ઊંચે ઉડે છે.

74. કઈ માખીઓ વગર મધપૂડા કે રસનો સંગ્રહ શક્ય નથી?

(A) રાણી માખી
(B) કામદાર માખી
(C) નાની માખીઓ
(D) મોટી માખીઓ

75. નીચેનામાંથી કયું જીવજંતુ જૂથમાં રહેતું નથી?

(A) ઊધઇ
(B) મંકોડા
(C) કીડી
(D) કરોળિયો

76. ઈંડાં મૂકવાનું કામ કઈ માખી કરે છે?

(A) કામદાર માખી
(B) રાણી માખી
(C) સિપાહી માખી
(D) મોટી માખી

77. સિપાહી કીડીઓનું કામ શું હોય છે?

(A) દરની રક્ષા અને દેખભાળ
(B) ખોરાક શોધવાનું
(C) આમ તેમ ફરવાનું
(D) ઈંડાં મૂકવાનું

78. મધપૂડામાં મોટાભાગની માખીઓ કઇ હોય છે?

(A) રાણી માખીઓ
(B) સિપાહી માખીઓ
(C) કામદાર માખી
(D) નાની માખીઓ

79. બીમાર અવસ્થામાં મુસાફરી કરીએ તો શું થાય?

(A) આનંદપૂર્વક મુસાફરી કરી શકાય.
(B) મુસાફરી સમયે તકલીફ પડે નબળાઈ લાગે
(C) ઉપરોક્ત પૈકી એક પણ નહિ.
(D) ઉપરોક્ત પૈકી બંને

80. મુસાફરી સમયે સમય પસાર કરવા શું કરી શકાય?

(A) પુસ્તક વાંચી શકાય
(B) સાપસીડી રમી શકાય.
(C) એક પણ નહિ.
(D) (A) અને (B) બંને

81. પૂનમના દિવસે આકાશમાં ચંદ્ર ....

(A) બિલકુલ હોતો નથી.
(B) પૂર્ણ ખીલેલો હોય છે.
(C) અર્ધ ચંદ્ર હોય છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ.

82. સૂરજબારી પુલ કયા નામે પ્રખ્યાત છે?

(A) કચ્છનું પ્રવેશદ્વાર
(B) સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર
(C) ઉત્તર ગુજરાતનું પ્રવેશદ્વાર
(D) દક્ષિણ ગુજરાતનું પ્રવેશદ્વાર

83. ટ્રેનમાં ટિકીટ તપાસનારને કેવી રીતે ઓળખી શકાય?

(A) પોશાક અને ટોપી પરથી
(B) હાથમાં રહેલી લાકડી પરથી
(C) ફાઇલ પરથી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહિ.

84. ટ્રેનમાં ટિકીટ ચેકર શું કાર્ય કરે છે?

(A) ટિકીટ ચકાસે છે.
(B) યોગ્ય બેઠક ઉપર મુસાફર બેઠા છે તે તપાસે છે.
(C) ટિકીટ છે કે કેમ તે પૂછે છે.
(D) ઉપરના તમામ


85. ટ્રેનમાં કઈ સગવડો હોય છે?

(A) બાથરૂમ-ટૉઈલેટની
(B) લાઇટની
(C) પંખાની
(D) ઉપરની તમામ

86. સફેદ રણમાં શું પથરાયેલું હોય છે?

(A) સફેદ પાંદડા
(B) સફેદ મીઠું
(C) સફેદ ચાદર
(D) સફેદ પથ્થરો

❖ ટિકીટનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર આપો. (પ્રશ્ન ક્રમાંક 86 થી 90)




87. ટિકીટ કયા ડેપોની છે?

(A) અમદાવાદ
(B) ઈડર
(C) રાધનપુર
(D) ભાવનગર

88. ટિકીટ નંબર શો છે?

(A) 311511
(B) 48149651
(C) 65311
(D) 348651

89. ટિકીટની રકમ કેટલા રૂપિયા છે?

(A) 30
(B) 23
(C) 22
(D) 12

90. ટિકીટ કઈ તારીખની છે?

(A) 22-2-2023
(B) 2-3-2023
(C) 3-3-2023
(D) 22-3-2023

91. ફાટક બંધ હોય ત્યારે શું કરવું જોઇએ?

<u>(A) વાહનનું એન્જિન બંધ કરવું</u>

(B) સળિયા નીચેથી પસાર થઈ પાટાની નજીક ઊભા રહેવું

(C) એન્જિન ચાલું રાખવું

(D) સતત હોર્ન મારવા

92. રેલવે પ્લેટફોર્મ પર નીચેનામાંથી કોણ જોવા નહીં મળે?

(A) કૂલી

<u>(B) માળી</u>

(C) સફાઇ કામદાર

(D) ટિકીટ ચેકર

93. ફાટક ઓળંગતી વખતે શું કરવું જોઇએ?

(A) ફાટક ખૂલે તે પહેલા ઓળંગવું

(B) બીજા વાહનને ટક્કર મારીને જતાં રહેવું

(C) (A) અને (B) બંને

<u>(D) ફાટક ખૂલ્યા પછી જ ઓળંગવું</u>

94. રિયાની ટ્રેન કયા પુલ પરથી પસાર થઈ ન હતી?

(A) વાત્રક

<u>(B) રૂપેણ</u>

(C) વિશ્વામિત્રી

(D) સાબરમતી

95. સુરત કઈ નદીના કિનારે આવેલું છે?

<u>(A) તાપી</u>

(B) મહીસાગર

(C) સરસ્વતી

(D) વિશ્વામિત્રી

96. પુલ શાના પર હોય છે?

(A) રેલમાર્ગ પર

(B) સડક માર્ગ પર

(C) નદી પર

<u>(D) ઉપરના તમામ પર</u>

97. રેલવે સ્ટેશન પર કઈ સુવિધા હોય છે ?

(A) પીવાના પાણીની

(B) પાર્સલરૂમની

(C) ટૉઈલેટ-બાથરૂમની

<u>(D) આપેલા તમામ</u>

98. નીચેનામાંથી કયું શહેર હીરા ઉદ્યોગ માટે વિશ્વભરમાં જાણીતું છે?

(A) અમદાવાદ
(B) <u>સુરત</u>
(C) વડોદરા
(D) એકપણ નહિ

99. સુરતની પ્રખ્યાત મીઠાઈ કઈ છે?

(A) દેવડાં
(B) પેંડા
(C) હલવો
(D) <u>ઘારી</u>

100. વડોદરાથી વાપી પહોંચવા સુધી નીચેનામાંથી કયું શહેર નહીં આવે?

(A) વલસાડ
(B) સુરત
(C) <u>અમદાવાદ</u>
(D) નવસારી

101. કોઇ એક ટ્રેન 8:25 કલાકે વાપી પહોંચવાને બદલે બે કલાક મોડી પહોંચી તો ટ્રેન કેટલા વાગે વાપી પહોંચી હશે?

(A) 9:25 કલાકે
(B) 9:55 કલાકે
(C) <u>10:25 કલાકે</u>
(D) 10:55 કલાકે

102. આપણી માતૃભાષા કઈ છે?

(A) <u>ગુજરાતી</u>
(B) હિન્દી
(C) મરાઠી
(D) અંગ્રેજી

103. રેવલે સ્ટેશન પર સામાન ઉપાડવાનું કામ નીચેનામાંથી કોણ કરે છે?

(A) સફાઈ કામદાર
(B) <u>કુલી</u>
(C) ગાર્ડ
(D) ટિકીટ ચેકર

104. નીચેનામાંથી કયા શહેરમાં પટોળાં બને છે?

(A) સુરત
(B) જોધપુર
(C) <u>પાટણ</u>
(D) જામનગર

105. દરિયા કિનારેથી સાંજે સૂરજ કેવો દેખાય છે?

(A) સૂરજ સાવ નાનો દેખાય છે.
(B) સૂરજ સાવ નાનો અને ચળકતો દેખાય છે.
(C) સૂરજ દરિયાના પાણીમાં તરતો દેખાય છે.
(D) <u>સૂરજ દરિયાના પાણીમાં ડૂબતો દેખાય છે.</u>

106. નીચે આપેલાં જૂથમાંથી કયા જૂથની મુલાકાત કે મુસાફરી વખતે ટિકીટ લેવાની જરૂર પડે છે?

(A) સ્કૂટરમાં મુસાફરી કરવા, મેટ્રો ટ્રેનમાં કે મંદિરમાં દર્શન કરવા માટે

(B) બસમાં, સિનેમાગૃહમાં, પ્રાણી સંગ્રહાલયમાં, વાહન પાર્કિંગમાં

(C) ટ્રેનમાં, દરિયા કિનારે, પ્રસંગમાં, દુકાને ખરીદી કરતી વખતે

(D) જન્મ દિવસની ઉજવણી વખતે, સાઈકલ ઉપર બેસવા માટે

107. નીચેનામાંથી દરિયા કિનારે શું જોવા મળતું નથી?

(A) માછલી પકડતા માછીમાર

(C) બળદગાડું

(B) નાસ્તાની દુકાનો

(D) ઘોડા અને ઊંટ

❖ નીચે આપેલા ટ્રેનના સમયપત્રકના આધારે પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન ક્રમાંક 108 થી 115)

**19132 કચ્છ એક્સપ્રેસ**

| ક્રમ (No.) | સ્ટેશનનું નામ (Name of station) | પહોંચવાનો સમય (Arrival) (Time) | ઉપડવાનો સમય (Departure) (Time) | રોકાણ મિનિટ (Halt) (min.) | અંતર કિલોમીટર (Distance) (km) | દિવસ (Day) |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૦૦ | ૧૯ : ૫૦ | ૦ | ૦૦ | ૧ |
| ૨. | અંજાર | ૨૦ : ૨૪ | ૨૦ : ૨૬ | ૨ | ૪૨ | ૧ |
| ૩. | આદિપુર | ૨૦ : ૩૬ | ૨૦ : ૩૮ | ૨ | ૪૯ | ૧ |
| ૪. | ગાંધીધામ | ૨૦ : ૫૫ | ૨૧ : ૧૫ | ૨૦ | ૫૮ | ૧ |
| ૫. | ભચાઉ | ૨૧ : ૪૬ | ૨૧ : ૪૮ | ૨ | ૯૮ | ૧ |
| ૬. | સામખિયાળી | ૨૨ : ૧૩ | ૨૨ : ૧૫ | ૨ | ૧૧૧ | ૧ |
| ૭. | માળિયા મિયાણા | ૨૨ : ૫૦ | ૨૨ : ૫૨ | ૨ | ૧૫૨ | ૧ |
| ૮. | હળવદ | ૨૩ : ૨૯ | ૨૩ : ૩૧ | ૨ | ૧૯૭ | ૧ |
| ૯. | ધ્રાંગધ્રા | ૦૦ : ૦૨ | ૦૦ : ૦૪ | ૨ | ૨૨૮ | ૨ |
| ૧૦. | વિરમગામ | ૦૧ : ૧૩ | ૦૧ : ૧૫ | ૨ | ૨૯૪ | ૨ |
| ૧૧. | અમદાવાદ | ૦૨ : ૩૫ | ૦૩ : ૦૦ | ૨૫ | ૩૫૯ | ૨ |
| ૧૨. | નડિયાદ | ૦૩ : ૪૫ | ૦૩ : ૪૭ | ૨ | ૪૦૫ | ૨ |
| ૧૩. | આણંદ | ૦૪ : ૦૮ | ૦૪ : ૧૦ | ૨ | ૪૨૩ | ૨ |
| ૧૪. | વડોદરા | ૦૪ : ૫૫ | ૦૫ :૦૦ | ૫ | ૪૫૯ | ૨ |
| ૧૫. | ભરૂચ | ૦૫ : ૫૧ | ૦૫ : ૫૩ | ૨ | ૫૨૯ | ૨ |
| ૧૬. | અંકલેશ્વર | ૦૬ : ૦૨ | ૦૬ : ૦૪ | ૨ | ૫૩૮ | ૨ |
| ૧૭. | સુરત | ૦૭ : ૦૦ | ૦૭ : ૦૫ | ૫ | ૫૮૮ | ૨ |
| ૧૮. | નવસારી | ૦૭ : ૨૬ | ૦૭ : ૨૮ | ૨ | ૬૧૭ | ૨ |
| ૧૯. | વલસાડ | ૦૮ : ૦૧ | ૦૮ : ૦૩ | ૨ | ૬૫૬ | ૨ |
| ૨૦. | વાપી | ૦૮ : ૨૫ | ૦૮ : ૨૭ | ૨ | ૬૮૦ | ૨ |

108. નીચેનામાંથી કઇ વિગત ટ્રેનના સમયપત્રકમાં હોતી નથી?

(A) ટ્રેનનું  નામ અને ટ્રેનનો નંબર

(C) ગાર્ડનું નામ અને ટિકીટ ચેકરનું નામ

(B) સ્ટેશનનું નામ અને રોકાણનો સમય

(D) ઉપડવાનો સમય અને પહોંચવાનો સમય

109. નીચેનામાંથી કઈ વિગત ટ્રેનના સમયપત્રકમાં જોવા મળે છે?

(A) ટ્રેનનો રંગ અને પ્લેટફોર્મ નંબર

(C) ડબાની સંખ્યા અને સીટોની સંખ્યા

(B) ટ્રેન પહોંચવાનો અને ઉપડવાનો સમય

(D) ડ્રાઇવરનું નામ અને ટિકીટ ચેકરનું નામ

110. ભૂજથી વાપી સુધી ટ્રેને કેટલા કિલોમીટરનું અંતર કાપ્યું હશે?

(A) 617 કિલોમીટર
(B) 359 કિલોમીટર
(C) 459 કિલોમીટર
<u>(D) 680 કિલોમીટર</u>

111. ગાંધીધામથી ટ્રેન રાત્રીના 21:15 કલાકે ઉપડે છે અને નડિયાદ રાત્રીના 3:45 કલાકે પહોંચે છે તો ટ્રેનને ગાંધીધામથી નડિયાદ પહોંચતાં કેટલો સમય લાગ્યો હશે?

(A) 6:45 કલાક
(B) 7:30 કલાક
<u>(C) 6:30 કલાક</u>
(D) 6:15 કલાક

112. ટ્રેનને ભૂજથી ગાંધીધામ આવતાં કેટલો સમય લાગ્યો હશે?

(A) 01:00 કલા
<u>(B) 01:05 કલાક</u>
(C) 01:07 કલાક
(D) 02:10 કલાક

113. ટ્રેને ભૂજથી અમદાવાદ આવતાં વચ્ચે કુલ કેટલી મિનિટ રોકાણ કર્યું હશે?

(A) 59 મિનિટ
(B) 32 મિનિટ
<u>(C) 36 મિનિટ</u>
(D) 61 મિનિટ


114. ટ્રેને કયા બે સ્ટેશન વચ્ચે વધારે રોકાણ કર્યું હશે?

(A) ગાંધીધામ-સુરત
(B) અમદાવાદ-સુરત
<u>(C) ગાંધીધામ-અમદાવાદ</u>
(D) નડિયાદ-વલસાડ

115. ટ્રેનને ભૂજથી વાપી પહોંચતા કેટલો સમય લાગ્યો હશે?

(A) 11:12 કલાક
(B) 11:15 કલાક
(C) 11:32 કલાક
<u>(D) 11:10 કલાક</u>

❖ નીચે દર્શાવેલ ટ્રેનની ટિકીટનો અભ્યાસ કરી આપેલ પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન ક્રમાંક 116 થી 123)




116. નીચેનામાંથી કયા જૂથમાં દર્શાવેલ વિગત ટ્રેનની ટિકીટમાં જોવા મળે છે?

(A) રસ્તામાં આવતા સ્ટેશનના નામ અને મુસાફરોના નામ

(B) ડ્રાઈવરનો મોબાઇલ નંબર અને ટિકીટ ચેકરનું મોબાઇલ નંબર

(C) સીટનંબર અને ભાડાની રકમ

(D) ઉપરના ત્રણમાં એક પણ નહિ.

117. કુલ કેટલા મુસાફરોની ટિકીટ છે?

(A) ત્રણ
(C) ચાર

(B) બે
(D) એક

118. ત્રણ મુસાફરોમાંથી સૌથી નાના મુસાફરની ઉંમર કેટલી છે? તે કોણ છે ?

(A) 7 વર્ષની છોકરી
(C) 37 વર્ષની સ્ત્રી

(B) 39 વર્ષનો પુરુષ
(D) 7 વર્ષનો છોકરો

119. બાંદરા ટર્મિનલથી રતલામ જંકશન જવા માટે ત્રણ મુસાફરોએ કુલ કેટલું ભાડું ચુકવ્યું?

(A) 75 રૂપિયા
(C) 2578 રૂપિયા

(B) 646 રૂપિયા
(D) 9037 રૂપિયા

120. મુસાફરોએ ક્યાંથી ક્યાં મુસાફરી કરવાની છે?

(A) અવધથી રતલામ સુધી

(B) બાંદરા ટર્મિનલથી રતલામ જંકશન

(C) મુંબઇથી બાંદરા

(D) મુંબઇથી અવધ

121. ટ્રેનનું નામ શું છે?

(A) રતલામ એક્ષપ્રેસ

(B) બાંદરા એક્ષપ્રેસ

(C) અવધ એક્ષપ્રેસ

(D) રતલામ બાંદરા એક્ષપ્રસ

122. મુસાફરોએ કઈ તારીખે મુસાફરી શરૂ કરી હશે?

(A) 23/12/2018ના રોજ

(B) 27/12/2018ના રોજ

(C) 01/12/2018ના રોજ

(D) 24/10/2018ના રોજ

123. ટ્રેનનો નંબર કયો છે?

(A) 6449755

(B) 9037

(C) 18643

(D) 2578

124. બહેનના પતિને શું કહેવાય?

(A) ફુઆ

(B) મામા

(C) બનેવી

(D) કાકા

125. માસાની પત્નીને શું કહેવાય?

(A) મામી

(B) માસી

(C) કાકી

(D) ફોઈ

126. લગ્ન પ્રસંગે નીચેનામાંથી કયા પ્રકારનાં ગીતો ગવાતાં હોય છે?

(A) કન્યા વિદાયનાં ગીત

(B) જન્મ દિવસનાં ગીત

(C) હોળીનાં ગીત

(D) મરસિયા ગીત

127. લગ્ન વખતે છોકરીની ઉંમર કેટલાથી વધારે હોવી જોઇએ?

(A) 15 વર્ષ

(B) 16 વર્ષ

(C) 17 વર્ષ

(D) 18 વર્ષ

128. લગ્ન પ્રસંગે નીચેનામાંથી કયા પ્રકારનાં ગીતો ગવાતાં નથી?

<u>(A) હોળીનાં ગીતો</u>

(B) પીઠીનાં ગીતો

(C) કન્યા વિદાયનાં ગીતો

(D) લગ્ન લખવાનાં ગીતો

129. છોકરાના લગ્ન માટે તેની ઓછામાં ઓછી ઉંમર કેટલા વર્ષની હોવી જોઇએ?

<u>(A) 21 વર્ષ</u>

(B) 25 વર્ષ

(C) 18 વર્ષ

(D) 22 વર્ષ

130. લગ્ન પ્રસંગમાં નીચેનામાંથી શું જોવા મળતું નથી?

(A) રાસ-ગરબા

(B) ભોજન સમારંભ

(C) વરઘોડો

<u>(D) ખેલકૂદ</u>

131. કેવા કુટુંબને સંયુક્ત કુટુંબ કહેવામાં આવે છે?

(A) જે કુટુંબના બધા જ સભ્યો અલગ અલગ રહેતાં હોય તેને

(B) જે કુટુંબના સ્ત્રી અને પુરુષો અલગ અલગ રહેતા હોય તેને

<u>(C) જે કુટુંબનાં બધાંજ સભ્યો ભેગાં રહેતાં હોય તેને</u>

(D) ઉપરના ત્રણમાંથી એકપણ નહિ

132. બાળલગ્ન કોને કહેવાય?

(A) છોકરીની 18 વર્ષની ઉંમરે અને છોકરાના 21 વર્ષની ઉંમરે લગ્ન થાય તેને

<u>(B) છોકરીની 17 વર્ષની ઉંમરે અને છોકરાના 20 વર્ષની ઉંમરે લગ્ન થાય તેને</u>

(C) છોકરીના 21 વર્ષની ઉંમરે અને છોકરાના 21 વર્ષની ઉંમરે લગ્ન થાય તેને

(D) છોકરા-છોકરીની 22 વર્ષની ઉંમરે લગ્ન થાય તેને

133. કેવા કુટુંબને વિભક્ત કુટુંબ કહેવામાં આવે છે?

<u>(A) જે કુટુંબના સભ્યો એકબીજાથી અલગ અલગ રહેતા હોય તેવા</u>

(B) જે કુટુંબના સભ્યો એક જ ઘરમાં સાથે રહેતા હોય તેવા

(C) જે કુટુંબમાં માત્ર સ્ત્રી અને પુરુષ અલગ અલગ રહેતા હોય તેવા

(D) ઉપરના ત્રણમાંથી એક પણ નહિ

134. કબડ્ડીની રમતમાં દાવ લેનારે શું કરવું નહીં?

(A) ચારે બાજુ ધ્યાન આપવું
(B) મગજનો ઉપયોગ કરવો
(C) છાપો મારવો
<u>(D) શ્વાસ છોડી દેવો</u>

135. કબડ્ડીની રમતમાં દાવ લેનાર ખેલાડી ક્યારે આઉટ ગણાય?

(A) સામેની ટીમના ખેલાડીને અડકી જાય તો
<u>(B) સામેની ટીમની મધ્યરેખાને અડક્યા વગર શ્વાસ છોડી દે તો</u>
(C) મધ્ય રેખાને અડી જાય તો
(D) ટક્કર પાટીને અડી જાય તો

136. સરિતા ગાયકવાડે કઈ દોડમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો?

(A) 100 મીટર
(B) 200 મીટર
<u>(C) 400 મીટર</u>
(D) મેરોથોન

137. કરણમ્ મલ્લેશ્વરી એ કઈ રમતમાં ઓગણત્રીસ ચંદ્રકો જીત્યા હતા?

(A) બોક્સિંગ
(B) શૂટર
(C) કબડ્ડી
<u>(D) વેઈટ લિફ્ટીંગ</u>

138. સરિતા ગાયકવાડ, - દોડવીર, કરણમ્ મલ્લેશ્વરી -વેઈટલિફ્ટર તો સચિન તેડુંલકર -

<u>(A) ક્રિકેટર</u>
(B) બોક્સર
(C) શૂટર
(D) પહેલવાન

139. ગુજરાત સરકારના "બેટી બચાવો" અભિયાનનાં બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે?

<u>(A) સરિતા ગાયકવાડ</u>
(B) પાર્થિવ પટેલ
(C) ગીતા રબારી
(D) કરણમ્ મલ્લેશ્વરી

140. કબડ્ડીની રમતમાં કેટલા ખેલાડી અવેજીમાં હોય છે?

(A) ચાર
<u>(B) પાંચ</u>
(C) છ
(D) સાત

141. કબડ્ડી માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(A) આ રમતમાં સાત ખેલાડી રમે છે.
(C) આ રમતમાં પાંચ ખેલાડી અવેજીમાં હોય છે.
(B) દાવ લેનારે શ્વાસ રોકી રાખવો પડે છે.
(D) આ રમત રમવા માટે મોટું મેદાન જોઇએ.

142. નીચેનામાંથી કયું સામૂહિક રમતનું જૂથ છે?

(A) ક્રિકેટ-દોડ
(C) સંતાકૂકડી-ચેસ
(B) ક્રિકેટ-કબડ્ડી
(D) બેડમિન્ટન-ક્રિકેટ

143. આમાંથી કઇ રમત એવી છે કે જે કોઇપણ સાધન વિના રમી શકાય છે?

(A) ક્રિકેટ
(C) કબડ્ડી
(B) હોકી
(D) બેડમિન્ટન

144. કબડ્ડીની રમતમાં એક ટીમમાં રમનાર ખેલાડી કેટલાં હશે?

(A) આઠ
(C) પાંચ
(B) છ
(D) સાત

145. નીચેનામાંથી કયા જૂથની રમતમાં ખેલાડી “આઉટ" થાય છે?

(A) ક્રિકેટ-ટેનિસ
(C) સંતાકૂકડી-ચેસ
(B) ફૂટબોલ-કેરમ
(D) ક્રિકેટ-કબડ્ડી

146. નીચેનામાંથી કયું જૂથ વ્યક્તિગત રમતનું છે?

(A) ક્રિકેટ-હોકી
(C) ઊંચી કૂદ-લાંબી કૂદ
(B) કબડ્ડી-ટેનિસ
(D) દોડ- ફૂટબોલ

147. કબડ્ડીની રમત સિવાય બીજી કઈ રમતમાં સામેની ટીમનાં ખેલાડીને અડીને આઉટ કરવાના હોય છે?

(A) વોલીબોલ
(C) ક્રિકેટ
(B) ખો-ખો
(D) ફૂટબોલ

148. કબડ્ડી સિવાય કઇ રમત એવી છે કે જે કોઇ પણ સાધન વિના રમી શકાય?

(A) ખો-ખો
(C) ટેનિસ
(B) હોકી
(D) ક્રિકેટ

149. હું પાણીમાં ખીલતું ફૂલ છું.

(A) કરેણ
(B) <u>કમળ</u>
(C) કેસૂડો
(D) જાસૂદ

150. ગુલાબ, કમળ, કેસૂડો, કરેણ વગેરેને શું કહેવાય છે?

(A) શાકભાજી
(B) કઠોળ
(C) <u>ફૂલ</u>
(D) ફળ

151. હું વેલ ઉપર ખીલતું ફૂલ છું.

(A) જાસૂદ
(B) કમળ
(C) <u>મધુમાલતી</u>
(D) ગુલાબ

152. મને ઓળખો. હું જમીનની બહાર દેખાતું મૂળ છું.

(A) <u>વડવાઇ</u>
(B) ગાજર
(C) મૂળો
(D) કમળ

153. હોળીના તહેવારમાં કયાં ફૂલોનો ઉપયોગ રંગ બનાવવા થાય છે?

(A) ગુલાબ
(B) કરેણ
(C) ચંપો
(D) <u>કેસૂડો</u>

154. નીચેના જૂથમાં કયાં મૂળનો ખોરાક તરીકે ઉપયોગ કરીએ છીએ?

(A) રીંગણાં-મરચાં
(B) કોબીજ-ફૂલાવર
(C) <u>મૂળા-ગાજર</u>
(D) કારેલાં-ટામેટાં

155. ફુલ માટે નીચેનામાંથી શું અયોગ્ય છે?

(A) <u>પાણી આપે</u>
(B) સુગંધ આપે
(C) સુશોભનમાં ઉપયોગી
(D) અત્તર બને

156. છોડ પર ખીલતાં ફૂલોના જૂથ માટે નીચેનામાંથી સાચું જૂથ પસંદ કરો.

(A) કમળ-મધુમાલતી
(B) કેસૂડો-જાસૂદ
(C) <u>ગુલાબ-ચમેલી</u>
(D) મધુમાલતી-કરેણ

157. નીચેનામાંથી કયાં મૂળનો ઉપયોગ ખોરાકમાં કરીએ છીએ?

(A) દૂધી | (C) કારેલાં
(B) વાલોળ | <u>(D) બીટ</u>

158. લાંબી મુસાફરી કરવાની હોય ત્યારે કઈ વસ્તુ સાથે રાખશો?

(A) ટોર્ચ | (C) પાણીની બોટલ
(B) દવા | <u>(D) આપેલી તમામ</u>

159. બીજી જગ્યાએ રહેવા જવું માટે કયો શબ્દ યોગ્ય રહેશે?

<u>(A) સ્થળાંતર</u> | (C) નોકરી જવું
(B) ફરવા જવું | (D) મળવા જવું

160. હું કયા વાહનમાં બેસીને હવાઈ મુસાફરી નહીં કરી શકું?

(A) વિમાન | (C) અવકાશયાન
(B) હેલીકોપ્ટર | <u>(D) સ્ટીમર</u>

161. હું ઝડપથી તૈયાર થતું રહેઠાણ (ઘર) છું.

(A) બહુમાળી મકાન | (C) ભૂંગો
<u>(B) તંબુ</u> | (D) શિકારા

162. અન્ય જગ્યાએ રહેવા જવા (સ્થળાંતર) માટે કયું કારણ યોગ્ય નથી ?

(A) નોકરી માટે | <u>(C) ઊંઘવા માટે</u>
(B) ભણવા માટે | (D) લગ્નને કારણે

163. નીચેનામાંથી કયા પ્રકારનું રહેઠાણ રણપ્રદેશમાં જોવા મળતું નથી ?

(A) ભૂંગો | (C) ઝૂંપડી
(B) તંબુ | <u>(D) શિકારા</u>

164. કયા સામાજિક ફેરફારથી ઘરના સભ્યોની સંખ્યા ઘટે છે?

(A) દીકરાનાં લગ્ન થવાથી | (C) બાળકનો જન્મ થવાથી
(B) બાળક દત્તક લેવાથી | <u>(D) દીકરીના લગ્ન થવાથી</u>

165. તમારા મામાના ઘરમાં નીચેનામાંથી કોણ નહિ રહેતું હોય?

(A) નાના
(B) કાકા
(C) મામા
(D) માસી

166. પાકું મકાન બનાવવા કઈ સામગ્રી વપરાશે?

(A) ઈંટ
(B) સિમેન્ટ
(C) લોખંડ
(D) આપેલ તમામ

167. નીચેનામાંથી જળચર પ્રાણી કયું છે?

(A) ગાય
(B) કાચબો
(C) ઉંદર
(D) ખિસકોલી

168. પાણીમાં ઓગાળ્યા પછી પાણીનો રંગ બદલાતો હોય તેવો પદાર્થ કયો છે?

(A) ખાંડ
(B) મીઠું
(C) હળદર
(D) સાકર

169. પાણીમાં ઓગળતો ન હોય તેવો પદાર્થ કયો છે?

(A) ખાંડ
(B) ગોળ
(C) રેતી
(D) મીઠું

170. નદી સ્વચ્છ રાખવા શું કરીશું?

(A) કપડાં ધોવાં
(B) ઢોર નવડાવાં
(C) નદીમાં કચરો ન નાખવો
(D) ગટરનું પાણી છોડવું

171. પાણી ચોખ્ખું કરવાની કઈ રીત નથી?

(A) ગાળવું
(B) ઉકાળવું
(C) આર.ઓ. ફિલ્ટર દ્વારા
(D) ગાળ્યા વગરનું

172. પાણીમાં તેલનું ટીપું નાખતા શું થશે?

(A) તે ઓગળી જાય છે.
(B) તે પાણી ઉપર તરે છે.
(C) તે પાણીમાં ડૂબે છે.
(D) આપેલ તમામ

173. નદીમાં વધારે પ્રમાણમાં પાણી આવી જાય તેને શું કહે છે?

<u>(A) પૂર</u> (C) ભરતી

(B) ત્સુનામી (D) ઓટ

174. નીચેનામાંથી કયું પક્ષી જળચર છે?

(A) કાગડો (C) કોયલ

(B) કાબર <u>(D) જળકૂકડી</u>

175. નીચે પૈકી નિર્જીવ વસ્તુ કઈ છે?

<u>(A) હોડી</u> (C) કાચબો

(B) માછલી (D) કરચલો

176. પાણીમાં ઓગાળ્યા પછી રંગ ન બદલાતો હોય તેવો પદાર્થ કયો છે?

(A) હળદર <u>(C) ખાંડ</u>

(B) દૂધ (D) શાહી

177. કઈ ઋતુ દરમિયાન નદી, તળાવ કે ઝરણામાં પાણી ઓછું થઇ જાય છે?

(A) શિયાળો (C) ચોમાસું

<u>(B) ઉનાળો</u> (D) આપેલ તમામ

178. નીચેનામાંથી કોનું પાણી પીવાલાયક હોય છે?

(A) દરિયાનું <u>(C) ઝરણાનું</u>

(B) તળાવનું (D) ખાબોચિયાનું

179. ખેતર નરમ અને પોચું બને એ માટે શું કરવું જોઇએ ?

<u>(A) જમીન ખોદવી</u> (C) ખાતર નાખવાનું

(B) જમીન ભીની કરવી (D) ઉપર પૈકી એકપણ નહિ

180. ખેતર ખેડવા માટે કયાં સાધનની જરૂર પડે છે?

<u>(A) કોદાળી</u> (C) ટોકર

(B) દાતરડું (D) કુહાડી

181. બીજને વાવવાની સાચી રીત પસંદ કરો.

(A) એક એક બીજ ચાસમાં વાવવાં
<u>(B) ચોક્કસ અંતરે બીજ વાવવાં</u>
(C) એક સાથે બીજ વાવી શકાય
(D) ઉપર પૈકી એકપણ નહિ

182. મુખ્ય પાક સાથે ઉગી નીકળે તેને શું કહેવાય છે?

(A) ઘાસ
(B) વેલો
<u>(C) નીંદણ</u>
(D) ક્ષુપ

183. નીંદણથી પાક ...

(A) સારો થાય છે.
(B) જમીન ફળદ્રુપ થાય છે.
<u>(C) સારો થતો નથી</u>.
(D) પાકને મદદ થાય છે.

184. ડુંગળીનો પાક ખેતરમાં મોટા ભાગે કેટલી ઊંચાઈ સુધીનો થાય છે?

(A) માથા સુધીનો
(B) કમર સુધીનો
<u>(C) ઘુંટણ સુધીનો</u>
(D) ઢીંચણ સુધીનો

185. ડુંગળીનો પાક સમયસર ન લણવામાં આવે તો ...

(A) પાક બળી જશે.
<u>(B) પાક સડી જશે.</u>
(C) પાક પલળી જશે.
(D) પાક લચી પડશે.

186. પાક લણવા માટે કયું સાધન વપરાય છે?

(A) કુહાડી
<u>(B) દાતરડું</u>
(C) કોદાળી
(D) ત્રિકમ

187. તૈયાર પાકને કઈ જગ્યાએ લઈ જવામાં આવે છે?

(A) દુકાનમાં
(B) ઘરે
<u>(C) મોટા બજારમાં</u>
(D) ખેતરમાં

188. કયા જૂથના પાક ખોરાક તરીકે ઉપયોગમાં આવે છે?

<u>(A) ડુંગળી-બટેટા</u>
(B) કપાસ-શણ
(C) તમાકુ-રૂ
(D) શણ-તમાકુ

189. ખેતીમાં પાણીનો ઉપયોગ ...

<u>(A) ખેતરને પલાળવા માટે</u>
(B) પાક લણવા માટે
(C) નીંદણ કાઢવા માટે
(D) પાક વીણવા માટે

190. ખેતરમાં તૈયાર થયેલો પાક બજાર સુધી પહોંચાડવા __________ નો ઉપયોગ થાય છે.

<u>(A) ટ્રેક્ટર-ઊંટગાડી</u>
(B) ઘોડાગાડી-વિમાન
(C) સ્કૂટર-હોડી
(D) બસ-સાયકલ

191. પાકને જીવાતથી બચાવવા શું કરવામાં આવે છે?

(A) વીજળી કરંટ પસાર કરવામાં આવે છે.
(B) ખાતર નાખવામાં આવે છે.
<u>(C) દવા છાંટવામાં આવે છે.</u>
(D) ઢાંકી દેવામાં આવે છે.

192. શાકભાજીના મોટા બજારને શું કહે છે?

<u>(A) મંડી</u>
(B) વાંચનાલય
(C) ભોજનાલય
(D) મંદિર

193. કાછિયો ઉનાળાની ઋતુમાં શાકભાજી/ફૂલો પર વારંવાર પાણી છાંટે છે જેથી તે ...

(A) જલદી બગડી જાય
(B) કાળા પડી જાય
<u>(C) વધુ સમય તાજાં રહે</u>
(D) સુકાઇ જાય

194. શાકભાજી સડી ગયા છે એ કેવી રીતે ખબર પડે?

(A) ગંધ પરથી
(B) દેખાવ પરથી
(C) રંગ પરથી
<u>(D) ઉપરના તમામ</u>

195. હું ઝડપથી બગડી જતું શાકભાજી છું.

(A) બટાટા
(B) ડુંગળી
<u>(C) પાલક</u>
(D) કોબીજ

196. હું ઝડપથી ન બગડતું શાકભાજી અને ફળોનું જૂથ છું.

(A) મેથી, દ્રાક્ષ
<u>(B) ડુંગળી, સફરજન</u>
(C) કોબીજ, પપૈયું
(D) બટાટા, ચીકું

197. હું બરછટ શાકભાજી છું.

<u>(A) કારેલું</u>
(B) બટાટું
(C) દૂધી
(D) ગલકું

198. કયા જૂથનાં ફળ અને શાકભાજી લીસાં છે?

(A) દ્રાક્ષ, કારેલાં
(B) શક્કરટેટી, કંકોડાં
(C) અનનાસ, ડુંગળી
<u>(D) પપૈયું, દૂધી</u>

199. સામાન્ય રીતે કયાં શાકભાજીનો ઉપયોગ બધી ઋતુમાં કરીએ છીએ?

(A) લીલી મેથી
(B) બટાટા
<u>(C) કારેલાં</u>
(D) વટાણા

200. નીચેનામાંથી કયું ફળ જલદી બગડતું નથી?

(A) ચીકુ
(B) દ્રાક્ષ
<u>(C) અનનાસ</u>
(D) પપૈયું

201. કઈ વસ્તુને કાચી અને રાંધીને બંને રીતે ખાઈ શકાય?

(A) મેથી
<u>(B) ડુંગળી</u>
(C) દૂધી
(D) બટાટા

202. નીચેનામાંથી પાણીદાર ફળોનું જૂથ કયું છે?

(A) દ્રાક્ષ, સફરજન
(B) કેળું, શક્કરટેટી
<u>(C) સંતરા, તરબૂચ</u>
(D) જામફળ, દાડમ

203. નીચેનામાંથી કયું પર્ણ છે?

(A) ડુંગળી
(B) દૂધી
(C) ગાજર
<u>(D) કોબીજ</u>

204. નીચેનામાંથી કચુંબર બનાવવા શાનો ઉપયોગ થતો નથી?

(A) ડુંગળી
<u>(B) તુરિયાં</u>
(C) કાકડી
(D) ટામેટાં

205. નીચેનામાંથી કયા શાકભાજીને શીંગો આવતી નથી?

(A) ચોળી
(B) ગુવાર
<u>(C) કાકડી</u>
(D) વટાણા

206. અડવાથી નરમ લાગતું ફળ કયું છે?

<u>(A) દ્રાક્ષ</u>
(B) સફરજન
(C) અનનાસ
(D) દાડમ

207. ફક્ત રાંધીને જ ખાઈ શકાતું શાકભાજી કયું છે?

(A) ટામેટાં
(B) કોબીજ
(C) ડુંગળી
<u>(D) બટાટા</u>

208. કયા પક્ષીનો માળો કલાત્મક અને સુંદર હોય છે?

<u>(A) સુગરી</u>
(B) કબૂતર
(C) દેવચકલી
(D) કાગડો

209. કયું પક્ષી બે પાંદડા સીવીને માળો બનાવે છે?

(A) સુગરી
<u>(B) દરજીડો</u>
(C) કબૂતર
(D) કોયલ

210. નીચેનામાંથી કયું પક્ષી માળો બનાવતું નથી?

(A) કબૂતર
(B) કાગડો
<u>(C) કોયલ</u>
(D) દેવચકલી

211. વૃક્ષના થડમાં કાણું કરીને કયું પક્ષી માળો બનાવે છે ?

(A) કલકલિયો
<u>(B) કંસારો</u>
(C) બુલબુલ
(D) હોલો

212. કાગડાનાં માળામાં કયું પક્ષી ઈંડાં મૂકે છે?

<u>(A) કોયલ</u>
(B) કબૂતર
(C) કાબર
(D) કલકલિયો

213. કાગડા માટે નીચેના પૈકી કયું સાચું નથી?

(A) કોયલનાં ઈંડાંને સેવે છે.
(B) માળો વૃક્ષની ટોચ પર બાંધે છે.
(C) જે જીવજંતુ અને માંસ ખાય છે.
<u>(D) બીજા પક્ષીનાં માળામાં ઈંડા મૂકે છે.</u>

214. કોયલ માટે નીચેના પૈકી શું સાચું છે?

(A) ઝાડીમાં માળો બનાવે છે.
(B) પોતાનાં ઈંડા જાતે સેવે છે.
<u>(C) બીજાના માળામાં ઇંડા મૂકે છે.</u>
(D) પોતાનાં માળામાં ઇંડા મૂકે છે.

215. પક્ષીઓ ચાંચનો ઉપયોગ શાના માટે કરે છે?

(A) દાણા ખાવા
(B) માંસ ફાડવા
(C) પાણી પીવા
<u>(D) આપેલ તમામ</u>

216. પક્ષી પંજાનો ઉપયોગ શાનાં માટે કરે છે?

(A) વૃક્ષ પર ચઢવા
(B) પાણીમાં તરવા
(C) જમીન પર ચાલવા
<u>(D) આપેલા તમામ</u>

217. કયા પ્રાણીના દાંત જીવનપર્યંત વધ્યા કરે છે?

(A) ઉંદર
(B) બિલાડી
(C) કૂતરો
<u>(D) ખિસકોલી</u>

218. કયું પક્ષી સસલાં જેવડા પ્રાણીને પોતાના પંજા વડે ઊંચકીને લઈ જઇ શકે છે?

<u>(A) બાજ</u>
(B) ગીધ
(C) હંસ
(D) પોપટ

219. કયું પક્ષી પંજાનો ઉપયોગ તરવા અને ચાલવા માટે કરે છે ?

<u>(A) બતક</u>
(B) કબૂતર
(C) ચકલી
(D) હોલો

220. નીચે પૈકી ગામડામાં કેવા ઘર હોય છે ?

<u>(A) મોટાં અને ખુલ્લાં આંગણાવાળા</u>
(B) નાનાં અને બહુમાળી
(C) છૂટા છવાયા
(D) ઉપર પૈકી એકપણ નહિ

221. શહેરમાં પાણીનો સ્રોત નીચે પૈકી કયો છે?

(A) નદી
(B) તળાવ
(C) સરોવર
<u>(D) ઉપર પૈકી એકપણ નહીં</u>

222. માતાના ભાઇના પત્નીને શું કહેવાય?

(A) માસી
<u>(B) મામી</u>
(C) મમ્મી
(D) મોટી બા

223. બહુમાળી ઈમારતમાં એક માળથી બીજા માળે જવા શું વપરાય છે?

(A) દોરડું
(B) બારી
(C) ઢાળ
<u>(D) લિફ્ટ</u>

224. ઘરમાં પંખો ચલાવવા માટે શું હોવું જરૂરી છે?

<u>(A) વીજળી</u>
(B) પવન
(C) પાણી
(D) આપેલમાંથી એકેય નહીં

225. સરકારી કામસર ઘરને ખાલી કરી અન્ય જગ્યાએ રહેવા જવાનું થાય એને શું કહેવાય?

(A) વસાહત
(B) <u>સ્થળાંતર</u>
(C) બદલી
(D) નિવાસ

226. પિતાના માતાને શું કહેવાય છે?

(A) નાની
(B) <u>દાદી</u>
(C) ભાભુ
(D) ભાભી

227. નીચેનામાંથી કયા પાણી ઉપયોગ પીવા માટે થાય છે ?

(A) બોરવેલનું
(B) હેન્ડપંપનું
(C) નદીનું
(D) <u>ઉપરના તમામ</u>

228. શહેરોમાં ક્યારેક પીવાના પાણીમાં કયું પાણી ભળી જાય છે?

(A) કારખાનાનું
(B) નહેરનું
(C) <u>ગટરનું</u>
(D) તળાવનું

229. ઝાડા ઊલટી થાય ત્યારે પાણી વધારે કેમ પીવું જોઇએ?

(A) શરીરને શક્તિ મળે તે માટે
(B) <u>શરીરમાં પાણી ઓછું ન થઈ જાય તે માટે</u>
(C) ઝાડા-ઊલટી બંધ થઇ જાય તે માટે
(D) આપેલાં તમામ

230. કોલૅરાનો રોગ થાય ત્યારે શું ન કરવું જોઇએ?

(A) હળવો ખોરાક લેવો જોઇએ.
(B) <u>પાણી ઉકાળીને પીવું જોઇએ.</u>
(C) પાણી વધારે પીવું જોઇએ.
(D) પાણી ઓછું પીવું જોઇએ.

231. વૉટરપાર્કમાં નીચેનામાંથી શું જોવા મળતું નથી?

(A) મ્યુઝિક ડાન્સ
(B) <u>ચકડોળ</u>
(C) પાણીના ફૂવારા
(D) પાણીનાં રાઇડ્સ

232. ઝાડા ઊલટી થાય ત્યારે પાણીમાં કયા બે પદાર્થો ઉમેરીને વધારે પાણી પીવું જોઇએ?

(A) <u>મીઠું અને ખાંડ</u>
(B) ખાંડ અને ગોળ
(C) મીઠું અને જીરૂ
(D) આંબળાનું ચૂર્ણ અને મીઠું

233. પાણીનો મુખ્ય સ્રોત કયો છે?

(A) નદી
(B) તળાવ
(C) કૂવો
(D) <u>વરસાદ</u>

234. નીચેનામાંથી કઈ ક્રિયા કરવા પાણીની જરૂર પડે છે?

(A) પીવા માટે
(B) સ્નાન કરવા માટે
(C) કપડાં ધોવા માટે
<u>(D) આપેલાં તમામ</u>

235. વૉટર પાર્કમાં શાનો બગાડ વધુ થાય છે?

(A) અનાજ
<u>(B) પાણી</u>
(C) ભોજન
(D) જમીન

236. નીચેનામાંથી કઇ ક્રિયા દ્વારા પાણી ગંદું થતું નથી?

<u>(A) નદીનું પાણી સિંચાઇમાં વાપરવાથી</u>
(B) જળાશયોમાં પ્રાણીઓને સ્નાન કરાવવાથી
(C) ફેક્ટરીનું પાણી નદીમાં ભળવાથી
(D) ગટરનું પાણી પીવાના પાણી સાથે ભળવાથી

237. પાણીની તંગીનો પ્રશ્ન ઉકેલવા નીચેનામાંથી કયો ઉપાય કરી શકાય?

(A) ચેકડેમ બનાવવા
(B) તળાવ બનાવવા
(C) ગામ લોકોનું સ્થળાંતર
<u>(D) (A) અને (B) બંને</u>

238. કોઇને ઝાડા-ઊલટી થયા હોય, તો તમે શું સલાહ આપશો?

(A) ખૂબ જ પાણી પીવાની
(B) ખાંડ અને મીઠાના દ્રાવણ પીવાની
(C) ડૉક્ટર પાસે જવાની
<u>(D) આપેલા તમામ</u>

239. નીચેનામાંથી કયો રોગ ગંદા પાણીના ઉપયોગથી થતો નથી?

(A) કોલેરા
<u>(B) અસ્થમા</u>
(C) મરડો
(D) ઝાડા-ઊલટી

240. નીચેનામાંથી કયો રોગ ગંદુ પાણી પીવાથી થાય છે?

(A) ટાઇફોઇડ
(B) મરડો
(C) કોલેરા
<u>(D) આપેલા તમામ</u>

241. ઝાડા-ઊલટી થાય ત્યારે દર્દીને જે શરબત આપવામાં આવે છે, તેમાં નીચેનામાંથી શાનો ઉપયોગ થાય છે?

(A) પાણી
(B) મીઠુ
(C) ખાંડ
<u>(D) આપેલા તમામ</u>

242. તલ અને ચિક્કીના લાડું કયા તહેવારની ઉજવણીમાં ખાવાની મજા પડે છે?

<u>(A) ઉત્તરાયણ</u>
(B) ધૂળેટી
(C) નાતાલ
(D) દિવાળી

243. 14 જાન્યુઆરીએ કયા તહેવારની ઉજવણી કરીએ છીએ?

(A) દિવાળી (C) ઈદ

(B) નાતાલ <u>(D) ઉત્તરાયણ</u>

244. ઉત્તરાયણને બીજા કયા નામથી ઓળખીએ છીએ?

(A) બકરી ઈદ (C) નાતાલ

<u>(B) મકરસંક્રાન્તિ</u> (D) દિવાળી

245. પતંગને કિન્ના બાંધીને કયા દિવસે ચગાવીએ છીએ?

(A) ધૂળેટી <u>(C) ઉત્તરાયણ</u>

(B) હોળી (D) દિવાળી

246. દિવાળીના તહેવારમાં આપણે શું કરીએ છીએ?

(A) પતંગ ચગાવીએ (C) રાખડી બાંધીએ

(B) રંગ ઉડાડીએ <u>(D) ફટાકડા ફોડીએ</u>

247. દિવાળી તહેવારની ઉજવણી માટે નીચેનામાંથી શું ખોટું છે?

(A) રંગોળી બનાવીએ <u>(C) રંગ ઉડાડીએ</u>

(B) ફટાકડા ફોડીએ (D) મીઠાઇ બનાવીએ

248. ઉત્તરાયણ માટે નીચેનામાંથી શું ખોટું છે?

(A) ઊંધિયું બનાવીએ <u>(C) રંગોળી બનાવીએ</u>

(B) પતંગ ચગાવીએ (D) તલના લાડુ બનાવીએ

249. ઉત્તરાયણ ક્યારે ઉજવવામાં આવે છે?

(A) 21 મી નવેમ્બર (C) 15મી ઓક્ટોબર

<u>(B) 14મી જાન્યુઆરી</u> (D) 31મી માર્ચ

250. શાળામાં કોઈ ખાસ પ્રસંગે ગામ લોકો દ્વારા બાળકોને અપાતા ભોજનને શું કહેવામાં આવે છે?

(A) મધ્યાહ્ન ભોજન <u>(C) તિથિભોજન</u>

(B) બાલ ભોજન (D) સમૂહ ભોજન

251. કયા તહેવારમાં લોકો ફાફડા-જલેબી ખાવાની મજા લે છે?

<u>(A) દશેરા</u> (C) ઉત્તરાયણ

(B) દિવાળી (D) ધૂળેટી

252. ઊંધિયું બનાવવા માટે નીચેનામાંથી કઇ શાકભાજીની જરૂર નથી?

<u>(A) ગુવાર</u> (C) બટાટા

(B) વાલોળ (D) રીંગણ

253. ઉત્તરાયણમાં નીચેનામાંથી કયું કાર્ય કરવામાં આવે છે?

(A) ગુલાલ-રંગ વડે રમવું (C) મટકી ફોડવી

(B) ફટાકડા ફોડવા <u>(D) પતંગ ચગાવવો</u>

254. નીચેનામાંથી કઇ જોડ સાચી નથી?

(A) કાછિયો - શાકભાજી (C) ભાડભૂંજો - શીંગચણા

(B) કંદોઈ - ફરસાણ <u>(D) ખેડૂત - રંધો</u>

255. કયું યાત્રાધામ બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે?

(A) પાવાગઢ (C) બેચરાજી

<u>(B) અંબાજી</u> (D) શામળાજી

256. કયું સ્થળ દૂધ ઉત્પાદન સાથે જોડાયેલ નથી?

(A) બનાસ ડેરી (C) અમૂલ

(B) દૂધસાગર <u>(D) સૂરસાગર</u>

257. કઈ વાનગીમાં ખાંડ કે ગોળ વપરાશે નહિ?

(A) લાડુ (C) સુખડી

(B) શીરો <u>(D) રોટલી</u>

258. કઈ બાબત રસોઇ સાથે સંકળાયેલી નથી?

(A) શાક સમારવું (C) વઘાર કરવો

(B) લોટ બાંધવો <u>(D) ઇસ્ત્રી કરવી</u>

259. નીચેનામાંથી શું દૂધમાંથી બનતું નથી ?

(A) માખણ <u>(C) સોડા</u>

(B) છાશ (D) દહીં

260. કયા પ્રસંગમાં સમૂહ ભોજન કરવામાં આવે છે?

(A) સમૂહ લગ્ન (C) તિથિભોજન

(B) જન્મદિવસ ઉજવણી <u>(D) આપેલા તમામ</u>

261. ભોજન લેવા માટે કયા સ્થળે જવું પડશે ?

(A) સિનેમાઘર
(B) <u>રસોઇઘર</u>
(C) ચિડિયાઘર
(D) વિમાનઘર

262. કઈ જોડ સાચી નથી? કયા પ્રાદેશિક નૃત્યની વિગત તેના રાજ્ય સાથે મેળ ખાતી નથી?

(A) <u>ગુજરાત - કૂચીપુડી નૃત્ય</u>
(B) પંજાબ - ભાંગડા નૃત્ય
(C) રાજસ્થાન - ઘુમર નૃત્ય
(D) આસામ – બિહું

263. અરદાસ એટલે શું?

(A) મંત્રોચ્ચાર
(B) ધૂન
(C) નમાજ
(D) <u>પ્રાર્થના</u>

264. ઘરમાંથી કચરો કાઢવાની જવાબદારી કોની છે?

(A) બહેનની
(B) માતાની
(C) પિતાની
(D) <u>દરેકની</u>

265. કુલફીવાળાએ પૈસાની ગણતરી કરવામાં ભૂલ કરી છતાં કોઇ કુલફીવાળાને પૂરા પૈસા ચૂકવે આ બાબતથી કયો ગુણ પ્રગટ થાય છે?

(A) <u>પ્રામાણિકતા</u>
(B) શિસ્ત
(C) સમજદારી
(D) વિવેક

266. પટોળાં બનાવનારને શું કહેવાય છે?

(A) <u>સાળવી</u>
(B) દરજી
(C) સુથાર
(D) લુહાર

267. મારે કપડાં સીવડવવા જવું છે તો હું કોની પાસે જઇશ?

(A) કડિયો
(B) કુંભાર
(C) <u>દરજી</u>
(D) મોચી

268. બૂટ અને ચંપલ રિપેર કરનારને શું કહેવાય છે?

(A) <u>મોચી</u>
(B) કડિયો
(C) લુહાર
(D) સુથાર

269. દાતરડું અને સાણસી બનાવનારને શું કહેવાય છે?

(A) દરજી
(B) સુથાર
(C) મોચી
(D) <u>લુહાર</u>

270. હું માટીનાં કોડિયાં અને માટલાં બનાવવાનું કામ કરું છું.

<u>(A) કુંભાર</u>
(C) સુથાર
(B) કડિયો
(D) લુહાર

271. હું ખુરશી અને ટેબલ બનાવવાનું કામ કરું છું.

(A) લુહાર
(C) કડિયો
(B) કુંભાર
<u>(D) સુથાર</u>

272. જગવિખ્યાત પટોળાનું વણાટકામ કયા શહેરમાં થાય છે?

(A) અમદાવાદ
(C) સૂરત
(B) પટણા
<u>(D) પાટણ</u>

273. પટોળુ એ કઇ પ્રકારની કળાનો નમૂનો છે?

<u>(A) હસ્ત કારીગરી</u>
(C) મશીન કારીગરી
(B) ભરત ગૂંથણ
(D) બાંધણી છાપ

274. પટોળાં વણવાનું કામ કરનાર પરિવારને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) ખારવા
<u>(C) સાળવી</u>
(B) વણકર
(D) વણાટીયા

275. પટોળાના વણાટકામમાં કઇ પ્રકારનાં રેશમનાં તાર વપરાય છે?

(A) કોસેટા સિલ્ક
(C) કોટન સિલ્ક
<u>(B) મલબારી સિલ્ક</u>
(D) સાદું સિલ્ક

276. પટોળાના આડા અને ઊભા તારને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) અવળા-સવળા
<u>(C) તાણાં-વાણાં</u>
(B) આડા-ઊભા
(D) ઉપર-નીચે

277. નીચેનામાંથી કયું કપડું હાથસાળ ઉપર વણીને તૈયાર કરવામાં આવે છે?

<u>(A) પટોળું</u>
(C) સુરતી સાડી
(B) કશ્મીરી શાલ
(D) બાંધણી

278. મને ઓળખો. હું ચારથી છ માસની મહેનત પછી તૈયાર થતી એક સાડી છું.

(A) બાંધણી
<u>(C) પટોળું</u>
(B) લેરીયું
(D) ઝુણું

279. શિલ્પકારોએ પટોળાંની ભાત કઇ વાવમાં કંડારી છે?

(A) અડીકડીની વાવ
(B) <u>રાણકી વાવ</u>
(C) ધાબાવાળી વાવ
(D) અડાલજની વાવ

280. નીચેનામાંથી કયા નમૂના હસ્ત કારીગરીના નમૂના નથી?

(A) સાયકલ - સ્કૂટર
(B) દાતરડું -કોદાળી
(C) માટલું - ભરત ગૂંથણ
(D) લાકડાનાં ટેબલ – ખુરશી

281. પટોળાનાં નામે કઈ કહેવત જાણીતી છે?

(A) 'છેલાજી રે ... મારી હાટું પાટણથી પટોળાં મોંઘા લાવજો"
(B) ''રંગરાતોને ભાત પીળી"
(C) <u>"પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં."</u>
(D) ''પટોળું ઓઢું તો મારા સાહ્યબાનું"

282. રેતીના ઢગલાને શું કહેવાય?

(A) રણ
(B) ખડક
(C) <u>ઢૂવો</u>
(D) શિખર

283. જ્યાં માત્ર રેતી જ દેખાય તેવી જગ્યા કઈ?

(A) <u>રણપ્રદેશ</u>
(B) નદીકિનારો
(C) ખેતર
(D) પર્વત

284. રણપ્રદેશમાં શું નથી હોતું?

(A) વરસાદ
(B) લીલોતરી
(C) તળાવ
(D) <u>આપેલ તમામ</u>

285. નીચેનામાંથી રણપ્રદેશમાં કઇ વનસ્પતિ જોવા નહીં મળે?

(A) ખજૂરી
(B) બોરડી
(C) <u>નાળિયેરી</u>
(D) થોર

286. દિરહામ કયા દેશનું ચલણ છે?

(A) નેપાળ
(B) શ્રીલંકા
(C) અફઘાનિસ્તાન
(D) <u>અબુધાબી</u>

287. આપણા દેશનું ચલણ કયું છે?

(A) રૂપિયો
(C) યુરો
(B) રૂબલ
(D) પાઉન્ડ

288. અબુધાબીની સ્થાનિક ભાષા કઈ છે?

(A) હિન્દી
(C) અંગ્રેજી
(B) અરબી
(D) ઉર્દૂ

289. અબુધાબીમાં મકાનો ...

(A) માટીના હોય છે.
(C) ઊંચા અને કાચની બારીઓ વાળાં હોય છે.
(B) ઢોળાવવાળાં હોય છે.
(D) પતરાવાળાં હોય છે.

290. અબુધાબીમાં લોકો મોટેભાગે ...

(A) રેશમી કપડાં પહેરે છે.
(C) ઊનના કપડાં પહેરે છે.
(B) કાળા કપડાં પહેરે છે.
(D) સુતરાઉ કપડાં પહેરે છે.

291. નીચેનામાંથી કયું જૂથ સાચું નથી?

(A) ભારત - રૂપિયો
(C) અમેરિક - ડોલર
(B) ઈંગ્લેન્ડ - યુરો
(D) રશિયા - રૂબલ

292. અબુધાબીના લોકો આખું શરીર ઢંકાઈ જાય તેવા કપડાં પહેરે છે. કારણ કે ...

(A) ખૂબ ગરમી પડે છે.
(C) ખૂબ વરસાદ પડે છે.
(B) ખૂબ ઠંડી પડે છે.
(D) ઉપર પૈકી એક પણ નહિ.

293. જેનું ચલણ રૂપિયો છે એવા દેશોનું જૂથ કયું છે?

(A) પાકિસ્તાન - ભારત
(C) શ્રીલંકા - રશિયા
(B) ભારત – અમેરિકા
(D) અમેરિકા - ઈંગ્લેન્ડ

294. પાઉન્ડ કયા દેશનું ચલણ છે?

(A) અમેરિકા
(C) ઇંગ્લેન્ડ
(B) રશિયા
(D) ઇરાન

295. ભારતીય ચલણમાં કેટલી નોટો છે?

(A) 8
(C) 10
(B) 9
(D) 7

296. ભારતીય ચલણમાં કયો સિક્કો ચલણમાં નથી ?

(A) 2 રૂપિયાનો
(C) 10 રૂપિયાનો
(B) 50 પૈસાને
<u>(D) 50 રૂપિયાનો</u>

297. અબુધાબીથી ભારત આવવા કયા વાહનમાં મુસાફરી કરવામાં આવે છે?

<u>(A) વિમાન</u>
(C) એક્સપ્રેસ બસ
(B) ટ્રેન
(D) હેલિકોપ્ટર

298. નીચેનામાંથી કઈ વસ્તુનો ઉપયોગ મુખવાસ અને શરબત બંને બનાવવા માટે થાય છે?

(A) તલ
(C) ધાણાદાળ
<u>(B) વરિયાળી</u>
(D) જીરૂં

299. નીચેનામાંથી કયું જૂથ શરબત બનાવવાના કામમાં આવશે?

<u>(A) લીંબુ, ખાંડ, મીઠુ</u>
(C) વરિયાળી, તલ, જીરૂં
(B) લીંબુ, મરચું, હળદર
(D) ફૂદીનો, કોથમીર, લવિંગ

300. ખાંસી થાય ત્યારે દૂધમાં શું નાખીને પીવાય?

(A) ખાંડ
<u>(C) હળદર</u>
(B) મરચું
(D) મરી

301. નીચેનામાંથી ઔષધ તરીકે વપરાતો મસાલો કયો છે?

(A) રાઇ
(C) મરચું
(B) તમાલપત્ર
<u>(D) અજમો</u>

302. હું પાતળા વાળ જેવું દેખાઉં છું અને મારો રંગ કેસરી છે.

(A) હળદર
<u>(C) કેસર</u>
(B) અજમો
(D) જીરૂં

303. ગરમ મસાલો બનાવવા નીચેનામાંથી શાનો ઉપયોગ થતો નથી?

(A) લવિંગ
(C) તજ
<u>(B) રાઇ</u>
(D) મરી

304. મારો ઉપયોગ નમકીન અને મીઠાઇ બંનેમાં થાય છે.

<u>(A) ખાંડ</u>
(C) લવિંગ
(B) મરચું
(D) અજમો

305. વાગેલા ઘા ઉપર શાનો લેપ કરવામાં આવે છે?

(A) મીઠુ (C) ગરમ મસાલો

(B) જીરૂં પાવડર <u>(D) હળદર</u>

306. તીખો સ્વાદ ધરાવતો મસાલો કયો નથી?

(A) લવિંગ (C) અજમો

(B) મરચું <u>(D) વરિયાળી</u>

307. હું દાંતના દુઃખાવામાં ઉપયોગી છું.

(A) હળદર <u>(C) લવિંગ</u>

(B) તજ (D) જીરૂં

308. કયા જૂથનો ઉપયોગ છાશનો મસાલો બનાવવા થાય છે?

<u>(A) જીરૂં, મીઠું, ફૂદીનો</u> (C) હીંગ, મીઠું, અજમો

(B) જીરૂં, ખાંડ, વરિયાળી (D) મરી, મીઠું, મરચું

309. નીચેનામાંથી કોનો સ્વાદ ખાટો છે?

(A) મરી (C) હળદર

<u>(B) લીંબુ</u> (D) અજમો

310. હું બહારથી કાળું અને અંદરથી સફેદ છું.

(A) તજ (C) રાઇ

(B) લવિંગ <u>(D) મરી</u>

311. ચણાચાટ બનાવવા મારો ઉપયોગ નહિ થાય?

(A) આમચૂર પાઉડર (C) લીંબુ

<u>(B) તલ</u> (D) મીઠું

312. નીચેનામાંથી ચા બનાવવા શાનો ઉપયોગ નહિ કરો?

(A) ઈલાયચી (C) ખાંડ

<u>(B) અજમો</u> (D) ગોળ

313. તાજું છું તો લીલું, ને સુકાઇ જાઉં તો લાલ

<u>(A) મરચું</u> (C) આદું

(B) વરિયાળી (D) ઈલાયચી

314. નીચેનામાંથી કોનો સ્વાદ કડવો છે?

(A) વરિયાળી
(B) અજમો
(C) મેથી
(D) હળદર

315. પેટમાં દુ:ખાવો થાય તો ડૂંટી પર શાનો લેપ કરાય?

(A) જીરૂં પાઉડર
(B) મીઠુ
(C) મેથી પાઉડર
(D) હીંગ

316. નીચેનામાંથી કયા તેલીબીયાંનો ઉપયોગ મસાલા તરીકે થતો નથી?

(A) તલ
(B) એરંડા
(C) રાઇ
(D) એકપણ નહિ

317. મુખવાસ બનાવવા શાનો ઉપયોગ નહિ થાય?

(A) આમળા
(B) કેરીની ગોટલી
(C) રાઇ
(D) તલ

318. ગુજરાત રાજ્યનો કયો જિલ્લો પાકિસ્તાન સાથે સરહદ ધરાવે છે?

(A) પાટણ
(B) સુરેન્દ્રનગર
(C) કચ્છ
(D) મોરબી

319. વિસ્તારની દૃષ્ટિએ કયો જિલ્લો સૌથી નાનો છે?

(A) ગાંધીનગર
(B) ડાંગ
(C) નવસારી
(D) મોરબી

320. જે સ્થળે કોઇ પ્રાણી પક્ષીનો શિકાર કરવા પર પ્રતિબંધ હોય તેથી પ્રાણીઓ નિર્ભય રીતે રહી શકે. જંગલના આ વિસ્તારને શું કહેવાય છે?

(A) પ્રાણીનગર
(B) ભયમુક્ત જંગલ
(C) મુક્ત વિસ્તાર
(D) અભયારણ્ય

321. નદીની વચ્ચે મોટી જાડી દીવાલ બનાવી પાણીના વહેણને અટકાવી જળાશય બનાવવામાં આવે છે તેને શું કહેવાય?

(A) બંધ
(B) ઉપસાગર
(C) સરોવર
(D) જલમંદિર